સ્પોર્ટ્સ અપડેટ

પ્રથમ ટેસ્ટ મેચ : ઇંગ્લેન્ડ માત્ર ૨૮૭ રન બનાવી ઓલઆઉટ

બર્મિંગ્હામ,

બર્મિંગ્હામ ખાતે શરૂ થયેલી પાંચ ટેસ્ટ મેચોની શ્રેણીની પ્રથમ ટેસ્ટના બીજા દિવસે ઈંગ્લેન્ડની ટીમ આજે ૨૮૭ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. પ્રથમ દિવસના સ્કોરથી આગળ રમતા ઇંગ્લેન્ડની ટીમ આજે કોઇ વધારે રન ઉમેરી શકી ન હતી અને ૨૮૭માં ઓલઆઉટ થઇ ગઇ હતી. ભારત તરફથી અશ્વિને ૬૨ રન આપીને ચાર વિકેટ અને સામીએ ૬૪ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી.

પ્રથમ દિવસે યજમાન ઇંગ્લેન્ડનો દેખાવ કંગાળ રહ્યો હતો. ઇંગ્લેન્ડની ટીમે પ્રથમ દિવસે નવ વિકેટ ગુમાવીને ૨૮૫ રન કર્યાહતા. આજે ઇંગ્લેન્ડની ટીમ ગઇકાલના સ્કોરમાં માત્ર બે રન જ ઉમેરી શકી હતી. ઇંગ્લેન્ડ તરફથી કેપ્ટન રુટે સૌથી વધારે ૮૦ રન કર્યા હતા જેમાં નવ ચોગ્ગાનો સમાવેશ થાય છે. જ્યારે બેરશો ૭૦ રન કરી આઉટ થયો હતો. ભારતીય ટીમનો દેખાવ શાનદાર રહ્યો હતો. ભારત તરફથી ધારણા પ્રમાણે જ સ્પીનર અશ્વિને સૌથી વધુ ચાર વિકેટ ઝડપી હતી. આ ટેસ્ટમાં ભારતનો દેખાવ પ્રથમ દિવસે શાનદાર રહ્યો હતો. હવે ભારતીય બેટ્સમેનો પર આધાર રહેશે. બીજી બાજુ વિરાટ કોહલીના અંતિમ ઇલેવનમાં ચેતેશ્વર પુજારા જેવા આધારભુત બેટ્સમેનને સામેલ ન કરાતા તમામને આશ્ચર્ય થયુ હતુ. સાથે સાથે કોહલીના આ નિર્ણય અંગે નારાજગી વ્યક્ત કરી હતી. આ ટેસ્ટ શ્રેણીમાં સૌથી વધારે રન કોણ બનાવે છે તેના પર નજર રહેશે. બીજી બાજુ પાંચ ટેસ્ટ મેચોની શ્રેણીમાં સૌથી વધારે વિકેટ કોણ મેળવે છે તેના પર પણ નજર રહેશે. ભારતીય ટીમ વિરાટ કોહલીના નેતૃત્વમાં જોરદાર તૈયારી છેલ્લા કેટલાક દિવસથી કરી રહી હતી.બોલિંગમાં તમામની નજર એન્ડરસન પર કેન્દ્રિત રહેશે. હાલમાં જ પુરી થયેલી ત્રણ વનડે મેચોન શ્રેણીમાં ઇંગ્લેન્ડે ૨-૧થી જીત મેળવી હતી તે પહેલા ત્રણ મેચોની ટ્વેન્ટી શ્રેણીમાં ભારતે ૨-૧થી જીત મેળવી હતી. આ ઉપરાંત આયર્લેન્ડ સામે રમાયેલી બંને મેચો પણ ભારતે જીતી હતી. લાંબા ગાળા બાદ ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે પાંચ ટેસ્ટ મેચોની શ્રેણી શરૂ થઇ રહી છે. ઇંગ્લેન્ડમાં બન્ને ટીમો વચ્ચે કુલ ૫૭ ટેસ્ટ મેચો રમાઇ છે. જે પૈકી ભારતે માત્ર છ ટેસ્ટ મેચો જીતી છે. આવી જ રીતે ઇંગ્લેન્ડે ૩૦ ટેસ્ટ મેચો જીતી છે. જે સાબિત કરે છે કે આંકડાની દ્રષ્ટિએ ઇંગ્લેન્ડની ટીમ કેટલી આગળ રહી છે. ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ઇંગ્લેન્ડમાં રમાયેલી ૫૭ ટેસ્ટ મેચો પૈકી ૨૧ ટેસ્ટ મેચો ડ્રોમાં પરિણમી છે. આવી જ રીતે ઓવર ઓલ દેખાવની વાત કરવામાં આવે તો ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ૧૧૭ ટેસ્ટ મેચો રમાઇ છે. જે પૈકી ભારતે ૨૫ ટેસ્ટ મેચો જીતી છે. આવી જ રીતે ઇંગ્લેન્ડે ૪૩ ટેસ્ટ મેચો જીતી છે. બન્ને દેશો વચ્ચે કુલ ૪૯ ટેસ્ટ મેચો ડ્રો જાહેર કરવામાં આવી છે. કેટલીક એવી ટેસ્ટ શ્રેણી રહી છે ત્યારે ભારતીય ટીમનો દેખાવ જોરદાર દેખાવ રહ્યો છે. વર્ષ ૨૦૧૪માં એલિસ્ટર કુકના નેતૃત્વમાં ઇંગ્લેન્ડની ટીમે પાંચ ટેસ્ટ મેચોની પટોડી ટ્રોફી ૩-૧થી જીતી લીધી હતી. મોટા ભાગે ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ છેલ્લા કેટલાક પ્રસંગોએ ઇંગ્લેન્ડની ટીમનો સામનો કરી શકી નથી. વર્ષ ૨૦૦૭માં રાહુલ દ્રવિડના નેતૃત્વમાં ભારતીય ટીમ ઇંગ્લેન્ડમાં શ્રેણી ૧-૦થી જીતી જવામાં સફળ થઇ ગઇ હતી.

શામળાજી એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળામાં ફૂડ પોઇઝનિંગ અસર થતા ૧૧ વિદ્યાર્થીનીઓની તબિયત લથડી

મોડાસા,

અરવલ્લી જીલ્લાના યાત્રાધામ શામળાજી નજીક ભિલોડા રોડ પર આવેલી એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળામાં અભ્યાસ કરતી ૧૧ વિદ્યાર્થીનીઓએ ભોજન આરોગ્ય બાદ એકાએક પેટમાં દુખાવાની ફરિયાદ કરતા અને ઉલ્ટી થતા તબિયત લથડતા વિદ્યાર્થીનીઓને ફૂડ પોઇઝનિંગ ની અસર થતા આરોગ્ય વિભાગને જાણ કરતા તાત્કાલિક સ્કૂલમાં આરોગ્યવિભાગની ટીમ દોડી આવી પ્રાથમિક સારવાર આપી ૧૧ વિદ્યાર્થીનીઓ ને શામળાજી સીએચસી માં સારવાર માટે ખસેડાતા હાલ વિદ્યાર્થીઓની હાલત સુધારા પર હોવાનું અને તબીબી દેખરેખ હેઠળ રાખવામાં આરોગ્યવિભાગના સૂત્રો દ્વારા માહિતી પ્રાપ્ત થઈ હતી

શામળાજી-ભિલોડા રોડ પર આવેલી એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળામાં વિદ્યાર્થીઓને પુરા પડતા ભોજન માં ગેરરીતે અંગે અનેકવાર વિદ્યાર્થીઓમાં ફરિયાદ ઉઠી હતી પૌષ્ટિક આહાર ના બદલે હલકી ગુણવત્તાનું અને વાસી ભોજન પીરસવામાં આવતી હોવાની અનેક બૂમો વિદ્યાર્થીઓમાં ઉઠી હતી બુધવારે રાત્રી ભોજનમાં ભાખરી-વટાણા નું શાક અને ખીચડી આરોગી હતી થોડા સમયબાદ વિદ્યાર્થીનીઓએ ફૂડ પોઇઝનિંગ ની અસર થતા પેટમાં ગંભીર દુખાવો થતો હોવાની ફરિયાદ સાથે ઉલટી-ઉબકા થવાની સાથે તબિયત લથડતા અને ૧૧ વિદ્યાર્થીનીઓની હાલત ગંભીર જણાતા સંચાલકોએ આરોગ્ય વિભાગને જાણ કરતા મુનાઈ પીએચસીના મેડિકલ ઓફિસર ચૌધરી સહીત આરોગ્યની ટીમ સ્કૂલમાં દોડી જઈ વિદ્યાર્થીનીઓને પ્રાથમિક સારવાર આપી ૧૧ વિદ્યાર્થીનીઓની હાલત ગંભીર જણાતા શામળાજી સી.એચ.સી માં દાખલ કરી અદ્યતન સારવાર અપાતા વિદ્યાર્થીનીઓની હાલતમાં સુધારો થયો હતો વિદ્યાર્થીનીઓ ને હાલ તબીબોની દેખરેખ હેઠળ હોવાનું જાણવા મળ્યું હતું વિદ્યાર્થીનીઓ ને ફૂડ પોઇઝનિંગ ની અસર થતા તેમના વાલીઓ મોટી સંખ્યામાં હોસ્પિટલ અને શાળામાં દોડી આવ્યા હતા

વિદ્યાર્થીનીઓની સારવાર આપનાર તબીબ ચૌધરીના જણાવ્યા અનુસાર શાળામાં તમામ વિદ્યાર્થીનીઓ નો સર્વે કરવાની સાથે પ્રાથમિક સારવાર આપી ૧૧ વિદ્યાર્થીનીઓને ફૂડ પોઇઝનિંગ ની વધુ અસર જણાતા શામળાજી સારવાર માટે ખસેડવામાં આવિ હતી અને શાળામાં વિદ્યાર્થીનીઓને આપવામાં આવેલા ભોજનના સેમ્પલ લઈ ફૂડ એન્ડ ડ્રગ્સ ઓફિસ માં મોકલી આપવામાં આવ્યા હતા.★

બર્મિંગ્હામ ખાતે શરૂ થયેલી પાંચ ટેસ્ટ મેચોની શ્રેણીની પ્રથમ ટેસ્ટના બીજા દિવસે ઈંગ્લેન્ડની ટીમ આજે ૨૮૭ રન બનાવીને ઓલઆઉટ થઇ ગઇ હતી .પ્રથમ દિવસના સ્કોરથી આગળ રમતા ઇંગ્લેન્ડની ટીમ આજે કોઇ વધારે રન ઉમેરી શકી ન હતી અને ૨૮૭માં ઓલઆઉટ થઇ ગઇ હતી .

ગણેશ શુગર બચાવ સંઘર્ષ સમિતિ તથા ગણેશ શુગરના સંચાલકો ફરી આમને સામને

ઝઘડીયા,

ગણેશ શુગર વટારીયાના સંચાલકો ચેરમેન ધ્વારા ખેડૂત શિબીરમાં ખોટા આક્ષેપો કરી ખેડૂત સભાસદોને ગેરમાર્ગે દોરી રહયા હોવાનો આરોપ લગાવી ગણેશ શુગર ફેકટરીના મેનેજીંગ ડિરેકટરને લેખીતમાં રજુઆત કરી ચેરમેનના આક્ષેપોને વખોડી કાઢી ચેરમેને લાઈવ ડિબેટ કરવા માટે પડકાર ફેંકતા ફરી ગણેશ શુગરના સરકારી માળખામાં ગરમાવો આવી ગયો છે.

ગણેશ શુગર વટારીયાના ચેરમેન સંદિપ માંગરોલા ધ્વારા તા.૨૭મીના રોજ યોજાયેલ ખેડૂત શિબીરમાં ખેડૂત સભાસદોને સાચી માહિતી આપવાના બદલે જુઠાણા ફેલાવી ખેડૂતોમાં ખોટો ભ્રમ પેદા કરી રહયા છે તેવા આક્ષેપ સાથે ગણેશ શુગર બચાવ સંઘર્ષ સમિતિ ધ્વારા શુગરના મેનેજીંગ ડિરેકટરને લેખીતમાં રજુઆત કરી ચેરમેનના નિવેદનોને વખોડી કાઢયુ છે લેખીત રજુઆતમાં સંઘર્ષ સમિતી ધ્વારા વિવિધ મુદ્દાઓ ટાંકી વિરોધ દર્શાવ્યો છે, ચેરમેન ધ્વારા શિબીરમાં જણાવાયુ હતુ કે કેટલાક લોકો અરજીઓ કરી જેના કારણેબેંકોએ ધિરાણ બંધ કરેલ છે, તે બાબત સત્યથી વેગળી છે હકીકતમાં સંસ્થા ધ્વારા ૩૯ કરોડ ધિરાણ લઈ ગેર વહીવટ કરવામાં આવ્યો છે તેની સામે સંઘર્ષ સમિતી ધ્વારા આંદોલન કરવુ પડે છે તેમ સંઘર્ષ સમિતિએ જણાવ્યુ હતુ વધુમાં યુનિયન બેંક દ્વારા ૩૯ કરોડની ક્રોપ લોન ૭ ટકા વ્યાજે આપવામાં આવેલ, આ લીધેલ લોનમાં માત્ર ૫ થી ૬ કરોડનું ધિરાણ ખેડૂતોને આપવામાં આવેલ બાકીની રકમનો હેતુફેર કરવામાં આવેલ હેતુફેર થયેલ રકમનુ વ્યાજ પણ ખેડૂતોના માથે નાંખી ૧૪ ટકા સુધી વ્યાજ વસુલ કરવામાં આવ્યો છે જેની સામે સંઘર્ષ સમિતીનો વીરોધ છે, કેટલાક લાભાર્થી સભાસદો તથા ડિરેકટરોને હદ બહાર જઈને કરોડોનુ ધિરાણ આપી શેરડી પકવતા નાના ખેડૂતોના માથે વ્યાજનો બોજો નાખવામાં આવેલ છે જેની સામે સંઘર્ષ સમિતીનો વિરોધ છે, મરોલી સુગર, રાજસ્થાન સરકાર, હિમાચલ, ત્રિપુરા, આસામ જેવા લેણદારો સામે આજદિન સુધી વસુલાત કરવામાં આવી નથી આવા બધા ગેરવહીવટ માટેના વ્યાજનુ ભારણ સંસ્થા તથા સભાસદો ભોગવી રહયા છે જેની સામે સંઘર્ષ સમિતિનો વિરોધ છે, સભાસદોના ૭/૧૨ ના ઉતારા પર બોજો બોલાવવો, સભાસદોને પોષણક્ષમ ભાવ નથી મળતા, કરોડો રૂપીયા બજારમાં ફસાયા છે, કર્મચારીઓને કામના પ્રમાણમાં વળતર મળતુ નથી, ટ્રાન્સપોર્ટરોનું મોટાપાયે નુકશાન થઈ રહયુ છે. સભાસદોને ઓછા ભાવ ચુકવી લગભગ ૧૩૮ કરોડના નુકશાનમાં મુકયા હોવાનો આરોપ સંઘર્ષ સમિતીએ કર્યો છે. ગણેશ શુગર બચાવ સંઘર્ષ સમિતી ધ્વારા સભાસદોને અપીલ કરવામાં આવી છે કે કોઈપણ પ્રકારના ખેડૂત ધિરાણ લોન મેળવવા માટે કોઈ વિરોધ નથી, સંઘર્ષ સમિતીએ માંગણી કરી છે કે દરેક સભાસદોને ન્યાયીક રીતે અને ઓછા વ્યાજે એકરે વધુમાં વધુ ધિરાણ તેમના ખાતામાં બેંક ધ્વારા આપવામાં આવે, ગણેશ શુગર બચાવ સંઘર્ષ સમિતી ધ્વારા ચેરમેનની કામગીરી પર કરવામાં આવેલા આક્ષેપથી સહકારી માહોલમાં ગરમાવો આવ્યો છે.★

ખાનગી ટુરિસ્ટ બસોને શહેરોમાં પ્રવેશ આપવા વાહન સંચાલક મંડળની માગણી

અમદાવાદ,

શહેરોમાં પ્રાઈવેટ ટુરિસ્ટ બસોને દિવસ દરમિયાન પ્રવેશવાની પરવાનગી સરકાર દ્વારા આપવામાં નહીં આપતા ખાનગી પ્રવાસી વાહન સંચાલક મહામંડળ દ્વારા અનેકવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં આજ દિન સુધી કોઈ પગલાં ભરવામાં નહીં આવતા આજ રોજ અખિલ ગુજરાત પ્રવાસી વાહન સંચાલક મહામંડળ દ્વારા પ્રાઈવેટ બસોને દિવસે પ્રવેશવાની પરવાનગી આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. મહામંડળના ચેરમેન હરિભાઈ પટેલ આજરોજ પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતુ કે ખાનગી બસોને દિવસ દરમ્યાન પરવાનગી આપવામાં નહી આવતા પ્રવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આ એંગે સરકારમાં વારંવાર રજૂઆત કરાઈ છે પણ કોઈજ પરિણામ નહીં આપતા બસોના સંચાલકોને એક દિવસ હડતાળ પર ઉતરશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતું કે ભારતના દરેક રાજયોમાં ખાનગી બસોને શહેરમાં પરવાનગી છે તો ગુજરાતમાં કેમ નહીં ? આમ ટુરિસ્ટ બસોને પોલિસ પરવાનગીમાંથી સંપૂર્ણ મુકિત આપવામાં આવે, તો રોડ ટેકસ, એએમસી ટેકસ ભરવા છતાં શહેરમાં એન્ટ્રી કેમ અપાતી નથી ? બસ સ્ટેન્ડ, રીક્ષા સ્ટેન્ડ તો ખાનગી બસોને શહેરમાં કેમ જગ્યા આપવામાં આવતી નથી.

આમ જુદા જુદા મુદ્દાઓ રજૂ કરી અગ્રણીઓએ ટુરિસ્ટ બસોને પાર્કિંગ ની જગ્યા આપવાની માંગ કરી છે. પ્રમુખ મેઘજીભાઈ ખેટાણી સેક્રેટરી રાજુભાઈ ઠાકર જીટીવીઓએના પ્રમુખ ગણેશભાઈ દુગ્ગડ અને પ્રવાસીઓના મુદ્દાઓ અંગે રજૂઆત કરી હતી.

૧૫ મી ઓગષ્ટ સ્વાતંત્ર પર્વની ઉજવણીના આગોતરા આયોજન અંગેની સમીક્ષા બેઠક યોજાઇ

પાટણ,

પાટણ જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલના અધ્યક્ષસ્થાને ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર પર્વની ઉજવણીની આગોતરા આયોજનના કામગીરીની સમીક્ષા બેઠક યોજાઇ હતી. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ રાજયગુરૂ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલે જણાવ્યું હતુ કે, ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર પર્વની ઉજવણી હારીજ ખાતે થનાર છે. સ્વાતંત્ર પર્વની ઉજવણી આયોજન બધ્ધ અને સુચારુ અને રાષ્ટ્રની ગરીમાં જળવાય તે પ્રકારની કામગીરી કરવા અનુરોધ કર્યો હતો. ૧૫ ઓગષ્ટ ની ઉજવણીના ભાગરૂપે બેઠક વ્યવસ્થા, સ્ટેજ વ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમો, વાહન પાર્કિંગ, સાફ-સફાઇ, પીવાના પાણીની વ્યવસ્થા, એનાઉન્સમેન્ટ, ચેક વિતરણ વગેરે સુપ્રત કરેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. અને જરૂરી સુચનો કરવામાં આવ્યા હતા.

એસ.પી. એ પ્રેસ કોન્ફરન્સ યોજી

મોડાસા,

શામળાજી પોલીસ સ્ટેશનમાંથી ચોરાયેલ વિદેશી દારૂના ચોરોને ઝડપી લેવા પોલીસે ગતીવિધીઓ તેજ કરી છે. શામળાજી પોલીસ સ્ટેશનમાંથી ચોરાયેલ વિદેશી દારૂની પેટીઓનો બેચ નંબર ડભોડા પોલીસે ઝડપેલ દારૂની પેટીઓથી મેચ થતાં અરવલ્લી એલ.સી.બી. પોલીસે ડભોડા પોલીસ સ્ટેશને જઈ ખરાઈ કરી હતી સાથે ઝડપાયેલ પાંચ આરોપીઓને પુછપરછમાં જણાવેલ કે ગણેશ નામના ઈસમે દારૂ વેચાતો આપ્યો છે પોલીસને શામળાજી નજીક જેસીગપુર ગામેથી સ્કોર્પીયો જીપ મળી આવી છે તેમાંથી ચોરાયેલ દારૂની પેટીઓ મળી આવેલ છે તેવુ જીલ્લાના નવા એસ.પી. પાટીલે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું.★

મોડાસામાં ટેલીફોન કર્મીનો વિદાય સમારંભ યોજાયો

મોડાસા,

અરવલ્લી જીલ્લાના મોડાસા જેસીઝ હોલમાં ટેલીફોન ઓફીસમાં ફરજ બજાવતા જયેશકુમાર ઓછવલાલ શાહ વયમર્યાદાના કારણે નિવૃત થતાં તેમનો વિદાય સમારંભ યોજાયો હતો તેઓની ૩૬ વર્ષની સર્વીસમાં કર્તવ્ય નિષ્ઠ તરીકે પ્રમાણીક રીતે સેવાઓ આપી છે. તેઓએ જાહેર જીવનમાં જોડાઈ સમાજની સંસ્થામાં સેવા આપી રહયા છે. વિદાય પ્રસંગે ટેલીફોન મોડાસા વિભાગ ડી.ઈ.આર. એમ.ગોર સહીત મનવા કાંકરોલીયા તેમજ હીમતનગરના મહાનુભવો ઉપસ્થિત રહી મોમેન્ટો આપી જયેશભાઈ શાહે નિભાવેલી ફરજોને બીરદાવી લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કીર હતી. આ કાર્યક્રમમાં તમામ ટેલીફોન ટેકનીશિયનો ઉપસ્થિત રહયા હતા.★

પ્રાંતિજ પોલિસે જુગાર રમતા સાત જુગારીઓમાથી પાંચ જુગારીઓને પકડી પાડયા

પ્રાંતિજ,

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સીમ ખેતર ની ઓરડી પાસે જુગાર રમતાં સાત જુગારીઓમાંથી પાંચ જુગારીઓને ૭૧,૯૨૦ ના મુદ્દામાલ સાથે પ્રાંતિજ પોલિસે પકડી પાડ્યા તો બે જુગારીઓ પોલિસ જોતા જ ભાગી ગયાં હતાં .

પ્રાંતિજ પોલિસ પીએસાઇ એમ.બી ગજ્જર તથા પોલિસ કોન્સ્ટેબલ કિરીટસિંહ , ભરતસિંહ , જગદિશસિંહ સહિત ની ટીમ પોલિસ પેટ્રોલીંગ માં હતી તે દરમ્યાન બાતમી મળતાં પ્રાંતિજ સીમ વિસ્તારમાં આવેલ આરીફ મહમંદભાઇ શેખ ના ખેતરોની ઓરડી પાસે ખુલ્લી જગ્યામાં તીનપત્તી નો જુગાર રમતો હોય પ્રાંતિજ પીએસાઇ ગજ્જર દ્વારા પોલિસ ટીમ સાથે રેડ કરતાં જુગાર રમતા સાત જુગારીઓમાંથી પાંચ જુગારીઓ પોલિસે પકડી પાડ્યા હતાં તો બે જુગારીઓ પોલિસ જોતા જ ભાગી ગયાહતા તો પ્રાંતિજ પોલિસે રમત ની દાવની રકમ-૨૦,૧૨૦ ગંજીપાના મોટર સાઇકલ બે જેની કિંમત- ૪૫,૦૦૦ મોબાઇલ નંગ- ૫જેની કિંમત- ૬,૮૦૦ મળી કુલ ૭૧,૯૨૦ નો મુદ્દામાલ સાથે (૧) આરીફભાઇ મહમંદભાઇ શેખ રહે.સુમરાવાસ, પ્રાંતિજ (૨) પરવેજખાન અબ્દુલાખાન બલોચ રહે.લુહાર બાળી , પ્રાંતિજ (૩) ગુલામકાદીરખાન જબ્બારખાન પઠાણ રહે.પઠાણવાડા પ્રાંતિજ (૪) વસીમમીંયા અયુબમીંયા કુરેશી રહે.ભઠ્ઠીવાડા , પ્રાંતિજ (૫) મહોમદ તારીફ હૈદરમીંયા શેખ રહે. પઠાણવાડા , પ્રાંતિજ. તથા પોલિસ જોતા જ (૬) સઇદમીંયા ઉર્ફે જમાઇ રહે.ચોપાટી ટેકરો પ્રાંતિજ (૭) અસ્લમ કાલુમીંયા રહે.લુહારબાળી પ્રાંતિજ ભાગી ગયાં હતાં તો તમામે તમામ પ્રાંતિજ ના રહેવાસી છે તો પોલિસે પ્રાંતિજ પોલિસ કોન્સ્ટેબલ જગદીશભાઇ છગનભાઈ ની ફરીયાદ ના આધારે ૨૦૧૮ જુગાર ધારા કલમ- ૧૨ મુજબ ગુનોનોધી આગળ ની કાર્યવાહી હાથધરી છે.★

વેસ્ટર્ન ટાઇમ્સ

વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર

ભરૂચ ખાતે અલ્પેશ ઠાકોરની ઉપસ્થિતિમાં

ઠાકોર સેનાના એકતા મંચનો સંવાદ કાર્યક્રમ યોજાયો

ભરૂચ,

કોંગ્રેસના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરની ઉપસ્થિતિમાં ભરૂચ ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના એકતા મંચના સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સંગઠીત સમાજ માટે આહ્‌વાન કરવા સાથે પ્રજાલક્ષી કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ભરૂચના ઝાડેશ્વર સર્કીટ હાઉસ ખાતે ગુજરાત ઠાકોર સેનાના અધ્યક્ષ અને રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરની ઉપસ્થિતિમાં એકતા મંચનો સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અલ્પેશ ઠાકોરે જણાવ્યું હતું કે દરેક તાલુકાઓના ૨૫ ગામોને નિશ્ચિત કરી ત્યાં સમિતિઓની રચનાઓ કરી વ્યસન મુક્તિ, શિક્ષણનો વ્યાપ વધો રોજગાર વધે, સાથો સાથ પ્રજાલક્ષી કાર્યક્રમો, સંગઠન શકિત વધે અને સરકારના નાણાંનો યોગ્ય રીતે ઉપયોગ થાય તે માટે સંવાદ યાત્રાનું ગુજરાતમાં આયોજન કરાયુ છે જેના ભાગરૂપે ભરૂચ જીલ્લાના કાર્યકરો સાથે સંવાદ કરવામાં આવ્યો છે.

સંવાદ કાર્યક્રમમાં સમાજના પ્રાણ પ્રશ્નોને વાચા આપી તે માટેના આયોજન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ભરૂચ ખાતે આયોજીત ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના સંવાદ કાર્યક્રમમાં પ્રભારી ભીમજી ઠાકોર, ભરૂચ જીલ્લા પ્રમુખ વિજયસિંહ ઠાકોર, સહિત મોટી સંખ્યામાં ઠાકોર સેનાના કાર્યકરો ઉપસ્થિત રહયા હતા.★

BOARD MEETING

JAYATMA SPINNERS LIMITED : The Board Meeting will be held on Friday, 10.08.2018 at 1, Laxminagar Co-Op. Housing Society Ltd., Naranpura, Ahmedabad in which the Board of Directors will consider and approve Unaudited Financial Results for the quarter ended on 30.06.2018.

SANTARAM SPINNERS LIMITED The Board Meeting will be held on Friday, 10.08.2018 at 1, Laxminagar Co-Op. Housing Society Ltd., Naranpura, Ahmedabad in which the Board of Directors will consider and approve Unaudited Financial Results for the quarter ended on 30.06.2018.

સિલ્વરટચ ટેકનોલોજીસ લિમિટેડ
CIN: U72200 GJ 1995 PLC 024465
રજી.ઓફિસ: ૨જો માળ, સેફ્રોન બિલ્ડીંગ, પંચવટી સર્કલની બાજુમાં, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬, (ગુજરાત)
ટેલિ.:(૦૭૯) ૨૬૫૬ ૩૧૫૮ • વેબસાઈટ: www.silvertouch.com • Email:cs@silvertouch.com

૨૪મી વાર્ષિક સામાન્ય સભા તથા રેકોર્ડ તારીખ માટેની જાહેર નોટીસ

આ સાથે અહીં નોટીસ આપવામાં આવે છે કે **સિલ્વરટચ ટેકનોલોજીસ લિમિટેડ** (કંપની) ના સભ્યોની **૨૪ મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) ગુરૂવાર, ૩૦મી ઓગસ્ટ ૨૦૧૮ના રોજ સવારે ૧૨-૩૦ વાગ્યે, કમિટી રૂમ, ૧૦મો માળ, સેફ્રોન બિલ્ડીંગ, પંચવટી સર્કલની બાજુમાં, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬** ખાતે નોટિસમાં દર્શાવેલ કાર્યસૂચિને પાર પાડવા માટે યોજાશે.

કંપની દ્વારા એજીએમમાં હાજર રહેવા તથા મત આપવા માટે હકદાર સભ્યો નક્કી કરવા માટે ૨૩ ઓગસ્ટ, ૨૦૧૮ 'કટ ઓફ તારીખ' નક્કી કરવામાં આવેલ છે.

૨૪મી એજીએમની નોટિસ તથા નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ જે સભ્યોના ઈ-મેઈલ આઈડી કંપની/ડિપોઝીટરી પાર્ટીસીપેન્ટ પાસે રજીસ્ટર્ડ હતા તેમને ઈ-મેઈલ દ્વારા મોકલી આપવામાં આવ્યા છે અને અન્ય તમામ સભ્યોને તેમના રજીસ્ટર્ડ સરનામા પર મંજૂર થયેલ પ્રક્રિયા દ્વારા દસ્તાવેજો નકલો મોકલવામાં આવેલ છે.

૨૪મી એજીએમની નોટીસ તથા નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ: www.silvertouch.com પર પણ ઉપલબ્ધ છે.

કંપની દ્વારા ૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષ માટે અંતિમ ડીવીડન્ડ માટે પાત્ર સભ્યોના નામ નક્કી કરવા માટે ૨૩ ઓગસ્ટ, ૨૦૧૮ 'રેકોર્ડ તારીખ' નક્કી કરવામાં આવેલ છે.

જો આપને એજીએમ અંગે કોઈ પ્રશ્ન હોય તો કંપનીના ઈ-મેઈલ એડ્રેસ cs@silvertouch.com પર લખી શકો છો.

બોર્ડ વતી,
સિલ્વરટચ ટેકનોલોજીસ લિમિટેડ,
સહી/- **વિપુલ એચ. ઠક્કર**
ચેરમેન તથા મેનેજિંગ ડિરેક્ટર - DIN: 00169558

સ્થળ: અમદાવાદ
તારીખ: ૩rd ઓગસ્ટ, ૨૦૧૮

ADVANCE MULTITECH LIMITED.
(CIN L51494GJ1979PLC006698)
Regd.Office : 36,Kothari Market, Kankaria Road,
Ahmedabad-22 Email : info@advancemulti.com
Tel : (079)25454795 Fax : 25710027

NOTICE

Pursuant to the listing agreement with Stock Exchange, notice to all concerned is hereby given that the meeting of the Board of Directors of the Company to be held on Monday, 13th August, 2018 at 3.30 PM. Inter alia, to consider and take on record unaudited financial result for the quarter ended on 30.06.2018.

For ADVANCE MULTITECH LTD.
Sd/-
Arvind Goenka
Managing Director
DIN 00093200

Place : Ahmedabad
Date : 01.08.2018

ADVANCE PETROCHEMICALS LIMITED.
(CIN L23200GJ1985PLC008013)
Regd.Office : 36,Kothari Market, Kankaria Road,
Ahmedabad-22 Email : **info@advancepetro.com**
Tel : (079)25454795 Fax : 25710027

NOTICE

Pursuant to the listing agreement with Stock Exchange, notice to all concerned is hereby given that the meeting of the Board of Directors of the Company to be held on Monday ,13th August, 2018 at 2.30 PM. Inter alia, to consider and take on record unaudited financial result for the quarter ended on 30.06.2018.

For ADVANCE PETROCHEMICALS LTD.
Sd/-
Arvind Goenka
Director
DIN 00086925

Place : Ahmedabad
Date : 01.08.2018

ISL CONSULTING LIMITED
રજીસ્ટર્ડ ઓફિસઃ- ૫૦૧, પાંચમો માળ, અભીજીત-૨, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેન્ક ઉપર, મીઠાખળી છ રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦૦૦૯, ફોન : ૦૭૯-૪૦૦૩૦૩૫૧, ૦૭૯-૪૦૦૩૦૩૫૨, ફેક્સ : ૦૭૯-૩૦૦૭૭૩૫૨, **E-mail: innogroup@gmail.com,**
Website: www.islconsulting.in
(CIN : L67120GJ1993PLC086576)

બોર્ડ મીટીંગની નોટિસ

સિક્યોરીટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના (લીસ્ટીંગ ઓબ્લીગેશન તથા ડિસકલોઝર રીકવાયરમેન્ટસ) રેગ્યુલેશન, ૨૦૧૫ના નિયમ ૨૯ની અંતર્ગત આથી નોટિસ આપવામાં આવે છે કે ૩૦ જૂન, ૨૦૧૮ના રોજ પૂરાં થયેલા ત્રિમાસિક અંત ગાળાના અનઓડિટેડ નાણાંકીય પરીણામોની ચર્ચા કરવા, તેને મંજૂરી આપવા કંપનીના બોર્ડ ઓફ ડિરેકટર્સની બેઠક શુક્રવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ બપોરે ૨.૦૦ કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફીસ ૫૦૧, પાંચમો માળ, અભીજીત-૨, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેન્ક ઉપર, મીઠાખળી છ રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦૦૦૯ ખાતે યોજાશે. આ નોટીસ કંપનીની વેબસાઈટ **http://www.islconsulting** અને સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ **http://www.bseindia.com** પર જોઈ શકાશે.

આઇએસએલ કન્સલ્ટિંગ લીમીટેડ વતી
સહી/-
ભાનુપ્રિયા કટ્ટા
કંપની સેક્રેટરી

સ્થળ : અમદાવાદ
તારીખ : ૦૨.૦૮.૨૦૧૮

GUJARAT CONTAINERS LIMITED
CIN - L28120GJ1992PLC017081
Regd. Office: Plot No.488/489 Savli Highway,
Village :Tundav,Ta.Savli,Dist.Vadodara-75.
Tel. (2667) 262084, 262220 Email : cs@gujaratcontainers.com
Website : www. gujaratcontainers.com

NOTICE

Notice is hereby given that pursuant to Regulation **29 read with Regulation 47 of SEBI** (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, a **Meeting of the Board of Directors** of the Company is scheduled to be held on **Wednesday, the 8th Augusst, 2018 at 4.30 p.m.** at its Corporate Office at its Corporate **Office at 201-202, Alkapuri Arcade, "B" Wing, R.C. Dutt Road, Opp. Welcome Hotel, Vadodara – 390 007,** To consider and take on record inter alia the Unaudited Financial Results for the Quarter ended **30th June, 2018**..

This information is also available on the Company's website **www.gujaratcontainers.com** and BSE website **www.bseindia.com.**

For Gujarat Containers Limited
Jigardan Gadhvi
Company Secretary

Date : 01/08/2018
Place : Vadodara

NOTICE
TIRUPATI SARJAN LIMITED
Regd. Office: A-11, 12, 13, Satyamev Complex, Opposite Gujarat High Court,
S.G. Highway, Ahmedabad – 380060,Website: www.tirupatisarjan.com
CIN: L65910GJ1995PLC024091

NOTICE TO THE SHAREHOLDERS OF THE COMPANY

Sub.: Transfer of Equity Shares to Investor Education and Protection Fund (IEPF) Account.

Notice is hereby given pursuant to the provisions of Section 124 (6) read with the Investor Education and Protection Fund Authority (Accounting, Audit, Transfer and Refund) Rules, 2016, 'and the 'Amendment Rules, 2017 ' ("the Rules") notified by the Ministry of Corporate Affairs, the Company is required to transfer all shares in respect of which dividend has not been paid or claimed by the shareholders for seven consecutive years or more in the name of Investor Education and Protection Fund (IEPF)Account.

The Company in compliance with the aforesaid "Rules" has sent individual notices to all those shareholders whose shares are liable to be transferred to IEPF Account and have also uploaded full details of such shares due for transfer as well as unclaimed dividends on the website of the Company at http://www.tirupatisarjan.com.

Shareholders are requested to verify the details of unclaimed dividends and the shares liable to be transferred to the IEPF Authority. Shareholders may note that both the unclaimed dividends and the shares transferred to the IEPF Authority can be claimed back by them from IEPF Authority after following the procedure prescribed under the Rules.

The concerned shareholders may take further Note that the transfer of such shares in cases where the shares are held in physical form, the Company would be issuing duplicate share certificate(s) in lieu of the original share certificate(s) held by them and upon such issue, the original share certificate(s) which stand registered in their name will stand automatically cancelled and be deemed non-negotiable. The shareholders may take further notice that the details uploaded by the Company on its website should be regarded and shall be deemed adequate notice in respect of issue of the duplicate share certificate(s) by the Company forthe purpose of transfer of shares to IEPF Authority pursuant to the said Rules. In case of shares held in dematerialized mode, the transfer of such shares will be done by way of corporate action through the Depositories to the demat account of the IEPF authority as per the procedure laid down under the "Rules".

Shareholders having any queries on the subject matter may contact the Company's Regisrtrar and Transfer Agents M/S Bigshare Services Pvt. Ltd. at A/802, Samudra Complex, Near Klassic Gold Hotel, off. C.G. Road, Ahmedabad – 380009 Tel:- (079) 4002 4135 E-Mail : bssahd@bigshareonline.com

For Tirupati Sarjan Limited
Sd/-
Jitendrakumar Patel
Nodal Officer

Place: Ahmedabad
Date: 2nd August, 2018

કોરલ લેબોરેટરીઝ લિમિટેડ
નોંધણીકૃત કાર્યાલયઃ એસ એફ-૨૦૬,
સિલ્વર ઓક કોમ્પ્લેક્સ, બી.પી.સી. રોડ,
વડોદરા – ૩૯૦૦૨૦.
ફોન : ૦૨૬૫-૨૫૦૦૫૨૪૫/૪૬
ફેક્સ : ૦૨૬૫-૨૫૦૦૪૮૯૩.
વેબસાઇટ : www.corallab.com
ઈમેલ : cs@corallab.com
કોર્પોરેટ કાર્યાલયઃ #૩બી,
પાટણવાલા ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ,
શ્રેયસ સિનેમાની સામે, એલ.બી.એસ. માર્ગ,
ઘાટકોપર (પશ્ચિમ) મુંબઈ – ૪૦૦૦૮૬
CIN: L24231GJ1997PLC031669

નોટિસ

સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) વિનિયમો ૨૦૧૫ના વિનિયમ ૨૯(૧) અને ૪૭ અનુસાર નોટીસ પાઠવવામાં આવે છે કે, ૩૦ જૂન, ૨૦૧૮ના રોજ પૂર્ણ થતાં ત્રિમાસિકગાળાના ઓડિટ ન થયાં હોય તેવા આર્થિક પરિણામો પર વિચારણા કરવા અને તેને સ્વીકારવા ૧૩ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ બપોરે ૧:૦૦ વાગ્યે કંપનીની કોર્પોરેટ ઓફિસ ૩ બી, પાટણવાલા કમ્પાઉન્ડ, ફિટનેસ વર્લ્ડની બાજુમાં, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (પશ્ચિમ) મુંબઈ – ૪૦૦૦૮૬ ખાતે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટિંગ નિર્ધારિત કરવામાં આવી છેઃ

નોટિસની નકલ કંપનીની વેબસાઈટ www.corallab.com પર અને બીએસઈ લિમિટેડની વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ છે.

કોરલ લેબોરેટરીઝ લિમિટેડ
વતી/-
આદેશથી
સુષ્મા ચિનચને
ડાયરેક્ટર
ડીઆઇએનઃ (૦૭૭૯૧૭૩૫)

સ્થળ : મુંબઈ
તારીખઃ ૨ ઓગસ્ટ, ૨૦૧૮

---

ashima LIMITED
Registered Office: Texcellence Complex, Khokhara Mehmedabad, Ahmedabad - 380021
CIN: L99999GJ1982PLC005253; **Website:** www.ashima.in
Tel: +91-79-67777000; **Fax:** +91-79-22773061

NOTICE

Notice is hereby given in compliance of Regulation 29 read with Regulation 47 of the Securities Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, a meeting of Board of Directors of the company is scheduled to be held on Saturday, 11th August,2018, to inter-alia, consider, approve and take on record the Unaudited Financial Results for the quarter ended on 30th June, 2018. A copy of said notice and Unaudited Financial Results of the company shall also be available on the Stock Exchange's website at **www.bseindia.com** and **www.nseindia.com** and also on the Company's website at **www.ashima.in.**

For Ashima Limited
Hiren S. Mahadevia
Company Secretary

Place: Ahmedabad
Date: 02.08.2018

લીંક ફાર્મા કેમ લિમિટેડ
રજી. ઓફીસઃ ૧૬૨, જીઆઇડીસી એસ્ટેટ, નંદેસરી-૩૯૧૩૪૦
CIN: L24230GJ1984PLC007540, Web: www.linkpharmachem.co.in
Phone No. 0265-3065000 | Email Id: linkpharmacs@gmail.com

નોટિસ

અત્રે સેબી(લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિકવાયરમેન્ટસ) નિયમન ૨૦૧૫નાં નિયમન ૪૭ સાથે નિયમન ૨૯ અંતર્ગત નોટિસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટરોની મિટિંગ ૩૦, જૂન ૨૦૧૮ના પૂરા થયેલા ત્રિમાસિક માટે અનઓડિટેડ નાણાંકીય પરિણામો વિચારણામાં લેવા સાથો સાથ મંજૂર કરવા માટે શુક્રવાર તા. ૧૦મી ઓગસ્ટ, ૨૦૧૮નાં રોજ યોજાશે.

આ નોટિસમાં આપવામાં આવેલી માહિતી કંપનીની વેબસાઇટ www.linkpharmachem.co.in પર તેમજ બી.એસ.ઇ લિમિટેડની વેબસાઇટ www.besindia.com પર પણ ઉપલબ્ધ છે.

લીંક ફાર્મા કેમ લિમિટેડ
સતીષ જી. ઠાકુર
મેનેજીંગ ડાયરેક્ટર

સ્થળઃ વડોદરા
તા. ૦૨-૦૮-૨૦૧૮